# અનોખું સંપાદન | કીર્તિદા શાહ

**[નારીની કથા : પુરુષની લેખિની :** સંપા. દર્શના ધોળકિયા, પ્ર. આ. ૨૦૦૫, હર્ષ પ્રકાશન, પૃ. ૧૮+૨૬૨, કિં. રૂ. ૧૬૦/-]

'નારીકથા : પુરુષની લેખિની' ટૂંકીવાર્તાના સંપાદનનું પ્રસ્તુત શીર્ષક સૂચવે છે કે ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાઓનાં જે સંપાદનો આજ પર્યંત ઉપલબ્ધ થયાં છે તે પંગતનું આ સંપાદન નથી. અહીં સંપાદિકાએ 'નારીવાદ'ના વલણથી મુક્ત રહીને નારીસંવેદનને પ્રમાણવામાં સફળ રહેલી રચનાઓ પસંદ કરી છે. ધૂમકેતુથી દશરથ પરમાર સુધીના વાર્તાકારોમાંથી ૧૯ વાર્તાકારોની ૨૬ વાર્તાઓ સંપાદનમાં છે. સંપાદનમાં ચંદ્રકાન્ત બક્ષી, ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી, રમેશ ર. દવે – આ ચાર વાર્તાકારોની એકાધિક રચનાઓ પસંદ થઈ છે. સંપાદિકા પ્રસ્તાવનામાં નોંધે છે કે નારીસંવેદનના નિરૂપણની સૂક્ષ્મતા અને વિચારબીજના નાવીન્યને તેમણે વાર્તા પસંદ કરતી વખતે પ્રાધાન્ય આપ્યું છે તેથી આમ બન્યું છે.

નારીસંવેદનની તંતોતંત અભિવ્યક્તિ નારી દ્વારા જ થઈ શકે એવો ધૂંધળો ખ્યાલ નારીસંવેદનાની અભિવ્યક્તિ પરત્વે આપણે ત્યાં બંધાયો છે. આ ખ્યાલ કેટલો કાચો છે તે વાતની સાહેદી પ્રસ્તુત સંપાદનની રચનાઓ છે. પસંદ થયેલી રચનાઓમાં પુરુષસર્જકનો પરકાયાપ્રવેશ એટલી-એવી તીવ્રતાથી થાય છે કે ખુદ નારી જે સંવેદનની સર્જક-વાહક છે તે પણ કદાચ શબ્દબદ્ધ ન કરી શકે એવી ધારદાર રીતે નારીસંવેદન અહીં આકારિત થયું છે. સામાન્ય રીતે પુરુષ નારીસ્વાતંત્ર્ય પર તરાપ મારનાર અને નારીને નીચી ગણનાર તરીકે ઓળખાયો છે પરંતુ પ્રસ્તુત રચનાઓના સર્જકની લેખિની જરા નોખી છે. પુરુષલેખિની અહીં નારીચેતનાની કદર કરતી, નારીના હૃદયના ગુહ્યમાં ગુહ્ય ભાવને સમજતી, એની લાગણીનો સ્વીકાર કરતી, એની તેજસ્વિતા અને સહનશીલતાને પોરસાવતી ભાવક અનુભવે છે. આ અનુભવના સાક્ષાત્કાર માટે ભાવકની વાર્તામાં સીધી સંડોવણી જ જોઈએ.

અભ્યાસીઓ અહીં પસંદ થયેલી રચનાઓમાંથી પસાર થયા હોય જ. આ રચનાઓમાં સ્ત્રીના કયા અને કેવા રૂપને પુરુષલેખિની શબ્દબદ્ધ કરી રહી છે તેની આછી ઝલક સંપાદનની નજીક જવામાં ઉપયોગી થશે. ધૂમકેતુની 'સ્ત્રીહૃદય'માં સ્ત્રીનું માતૃ સ્વરૂપ છે તો સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ કોઈ પુરુષ એના જીવનમાં પ્રવેશે તો સ્ત્રી કેવી ઉષ્માશૂન્ય બની રહે છે એ સંવેદન બ્રોકરની 'લતા શું બોલે' અને સ્નેહરશ્મિની 'મમી'માં ઝિલાયું છે. જયંત ખત્રીની 'ખીચડી'માં 'ખીચડી' કમાવાની વેદનામાંથી લખડીનું રૂપાંતર પામતું સંવેદનવિશ્વ શબ્દબદ્ધ થયું છે. 'મારી ચંપાનો વર'માં સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બનતી આલેખાઈ છે. લક્ષ્મીનું શબ્દચિત્ર 'મા તે મા' અન્વય અલંકારને માથે ભાવક મોટી ચોકડી મૂકે એવું જીવંત બન્યું છે. સુરેશ જોષીની 'વિદુલા' તો સાવ અલગારી ચેતનવાળું પાત્ર છે. વિદુલા જીવનના વરવા વાસ્તવને એ જ સ્વરૂપમાં સ્વીકારી લેનારી નારી છે. બક્ષીની 'કુત્તી'ની ટીટ્સી અને 'પિછોલા'ની સિંધુ વળી અનોખા મિજાજની નારીઓ છે. ટીટ્સી ભાંગી પડેલા બે હતાશ પુરુષોને ફરી ઊભા કરવા પ્રવૃત્ત છે તો સિંધુ એકલતા અનુભવતા પુરુષની એકલતા નાથવાના નિતનવા નુસખા કરે છે. રઘુવીરની 'એક સુખી કુટુંબ'માં વીણા લાંબા લગ્નજીવન પછી પૂર્વજીવનના પ્રેમીના મૃત્યુના સમાચાર સાંભળે છે ત્યારે તેની જે વેદના છે તે શબ્દબદ્ધ થઈ છે.

ધીરેન્દ્રની 'અકારણ', 'સુધા અને સુજાતા', 'રિનોવેશન', 'હું એને જોઉં એ પહેલાં' ચારે રચનાઓ સ્ત્રીના નોખા નોખા સંવેદનવિશ્વની વાત કરે છે તેમાં ઝીણું નકશીકામ થયું છે. એકલી રહેતી સ્ત્રીની ચેતનાને પુરુષ કઈ રીતે મૂલવે છે એ વિચારબીજ પ્રવીણસિંહની 'વિશાખાનો ભૂતકાળ'માં શબ્દબદ્ધ થયું છે. વીનેશ અંતાણીની 'બે સ્ત્રીઓ અને ફાનસ' અને 'સત્તાવીસ વર્ષની છોકરી'માં વાર્તાકારનો પરકાયાપ્રવેશ ધ્યાનપાત્ર બન્યો છે. 'ટેકરી અને નદી'માં સ્ત્રીચેતનાનું ઘેરું શબ્દચિત્ર આલેખાયું છે. રમેશ દવેની 'શબવત'માં શબ્દબદ્ધ થયેલું નારીસંવેદન એકદમ સાચુકલું અને આસ્વાદ્ય છે. 'જલાવરણ'ની અનુરાધાની ચેતના પણ આકર્ષક રીતે વાચા પામી છે. સર્જક રમેશ દવેનો પરકાયાપ્રવેશ ધ્યાનપાત્ર બને છે. પરેશની 'હલ્લો મણિલાલ'ની શિલ્પા, 'બદલી'ની અંબા, ધરમાભાઈ શ્રીમાળીની સમુ, કંદર્પ દેસાઈની 'કોશેટો'ની સેજલ, માવજી મહેશ્વરીની 'પવન'ની વીરબાળા, દશરથ પરમારની 'અંધારું'ની મંજુ – આ નારીઓનાં નોખાંનોખાં રૂપ શબ્દબદ્ધ થયાં છે. ક્યાંક સ્વનું બલિદાન, ક્યાંક સ્વનું વિગલન, ક્યાંક ઊંડા સ્નેહની લાગણી, ક્યાંક સ્વનું વિગલન ન થતાં ઊભો થતો અંધકાર – એને કારણે એકલતાનો અનુભવ – એમ વૈવિધ્યસભર સ્ત્રીચેતના શબ્દરૂપ પામી છે.

સંપાદિકાનો હેતુ 'નારીવાદ'ની સભાનતા વિના નારીના સંવેદનવિશ્વની સૂક્ષ્મતાને કલાત્મક રીતે શબ્દબદ્ધ કરતી રચનાઓ વચ્ચે ભાવકને મૂકવાનો છે. સંપાદનમાંની 'એક સુખી કુટુંબ' અને 'વિશાખાનો ભૂતકાળ' – બે રચનાઓ સિવાયની બધી રચનાઓ સંપાદિકાના હેતુને સિદ્ધ કરે છે.

પ્રસ્તુત સંપાદનમાંની ઘણી રચનાઓ આ અવલોકન કરતા પૂર્વે વાંચી હતી પરંતુ સંપાદનના હેતુને કેન્દ્રમાં રાખી ફરી તે રચનાઓમાંથી પસાર થવાનું આવ્યું ત્યારે સાચે જ ક્યાંક આંખ ભીની થઈ તો ક્યાંક વિસ્ફારિત થઈ, ક્યાંક વેદનાની ચીસ નીકળી ગઈ, ક્યાંક હૃદય આશ્વસ્ત બન્યું ને મનોમન પુરુષલેખિનીની સિદ્ધિ અને પરકાયાપ્રવેશની ચાતુરીને વંદન થઈ ગયા. ક્યાંક એવું પણ અનુભવ્યું કે પુરુષવાર્તાકારો મનોવિજ્ઞાનના જાણે અઠંગ અભ્યાસીઓ છે કાં તો એમનામાં કોઈ પરમચેતનાનો પ્રવેશ થયો છે.

નવલિકાનું નવી દૃષ્ટિથી સંપાદન કરનાર સંપાદિકાનો સંપાદકીય લેખ નારીવિષયક અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી સમૃદ્ધ અને આસ્વાદ્ય બન્યો છે. વાર્તાની પસંદગી તે-તે વાર્તાકારના કયા સંગ્રહમાંથી કરવામાં આવી છે તે પણ સંપાદિકાએ નોંધ્યું છે.

એક અનોખું સંપાદન આપવા માટે સંપાદિકાને અભિનંદન.